॥ श्री बहुचराय नमः ॥

શ્રી બહુચરાજીનીતિંસુબોધ

ગાયન સંગ્રહ.

ભાગ ૨ જો.

શ્રી ગુણકથન મંડળીને માટે
રચી પ્રસિદ્ધ કરનાર,
કડીઆ. બાપાલાલ લખમીચંદ.
કડીઆ. સોમનાથ ધનસા.
કડીઆ. કેસવલાલ ધનસા.
કડીઆ. નગીનદાસ પાનાચંદ.
સલાટ. ભીખાભાઈ મોહનલાલ.

(આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.)

સંવત્ ૧૯૫૪. સને ૧૮૯૮.

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

કિંમત ૦-૨-૦

૫૫૯૭

श्री बहुचरायनमः

શ્રી બહુચરાજી નિતી સુબોધ

ગાયન સંગ્રહ.

અંક ૧ લો.

૧

ગીતી.

જગત જનુની માતા, શાન્તી કરીને સંકટ સૌ કાપો;
દીન બાળક છું તારો, મ્હેર કરીને સુખ મુજને આપો.

૨

(કીરતાર આધાર પ્રભુ એક તમારો) એ રાગ.

શીરતાજ, આધાર, માતાજી છે તમારો;
કરૂં અરપણુ, તન મન ધન, ભરૂંસો માતુ તમારો. ટેક
શુદ્ધ સુખકર માતું સહાયક.
તરણ તારણ દુઃખ નીવારણ. શીરતાજ૦

૩

(વીરાજો ન્યાય રાજનો સદાય રંગ રંગ) એ રાગ.

બીરાજે સુંખલપુરમાં, સદાય રંગ રંગ;
માતાજી સત્ય સંગનો, તું પાડજે પ્રસંગ.
છે વીજય ગુણુ આજનો.
ગુણુકથન મંડળી કાજનો.
વીજય છે વીજય સદા રંગ રંગ રંગ. બીરાજે૦

૪

(અબ ચલે.ન મોહન તેરા) એ રાગ,

સબ ચલો (૨) સંખલપુર માંહે મોટા છે મહીમા આંહે.
સૌ નાચે થૈયાં થૈયાં, ગુણ ગાતે ભકત ભવૈયા.
ઓ માત, ઝાલીને હાથ, કરો મુજ સ્હાયે. મોટા છે૦
બાલી બેઠી વરખડી છૈયાં, ગુણ ગાતે નીત્ય ગવૈયા;
ઓ માત, ઝાલીને હાથ, બાપુજી દાસ, કરો મુજ સ્હાયે. મોટા છે૦

૫

(આજે તો અન્નત વૃષ્ટી) એ રાગ.

આજે તો સંખલપુરની શોભા હું તો શી કહું.
દેરૂં તો ગગન ગાજે, શીખર તો સોનાનું છાજે.
ગ્યાને તાને મંડપ ગાજે, નોબતતો દરવાજે વાજે.
વાજાં તો વીધ વીધ વાગે, ભુંગળ તો ભેંકાર ગાજે.
લીલા લ્હેર લીલા લ્હેર, પુષ્પની વરશી રહી.
બાપુ શોભા શી કહું તો, સખલપુરમાં થઇ રહી

૬

(શ્રી જગદીશ્વરા) એ રાગ.

શ્રી માત બહુચરા, સુણો વીનતી જરા.
પ્રણમીયે પ્રીતે, તમે છો દુખ હરા.
માયાળુ—દયાળુ—માતાજી—થાઓને આજે સ્હાય. શ્રી માત૦
જયકાર, જયકાર, જયકાર, જયકાર,
બહુચર માત, બહુચર માત, બહુચર માત, બહુચર માત,
ગુણ ગાયે સહુ તારા મલીને હર્ષ ધરીને મનની માંય.
ચીતે—પ્રીતે—રીતે—માનીયે તુજ ઉપકાર. શ્રી માત૦

૭

(આ વીપરીત બુદ્ધીની નારી) એ રાગ.

ઓ માતુ બહુચર બાળી. તમે સ્હાયૅ કરોને અમારી.
માટે તારોને આવાર દયાનીધી છો દાતાર. ઓ માતુ૦

સાખી.

ભવ સાગર તરવા અમે, આવ્યા સૌ આ વાર;
ગુણ કથન મ ડળી, ને તારો આધાર.
માટે તારોને આ વાર, દયાનીધી છો દાતાર. ઓ માતુ૦

૮

(પ્રેમનો કોલ દીધો રાજ કુમાર) એ રાગ.

પ્રેમથી ભજી વંદન કરીએ આજ.
માજી છો તમો ગરીબ નીવાજ. પ્રેમથી૦
બાળી બહુચર માવડી રે આવ્યા શરણે આ વાર.
શેવક જાણી સ્હાય થઇને, ઉતારો ભવ પાર. પ્રેમથી૦
મંડપ રચના નીહાળી અમે ખુશી થયા આવાર.
ગુણ કથનજ મંડળીર, ગાવે હર્ષ અપાર. પ્રેમથી૦

૯

(દેખ્યા ભાઈ દુખના દાહાડા) એ રાગ.

દેવી તોરે શરણે આયે, હો દેવી તોરે શરણે આયે.
બાંહ્ય ઝાલીને તારો મને હો માતાજી.

સાખી.

કાચી તો કાયા બની, કાચો બન્યો સંસારજી.
ચેતી લ્યો મનમાં સહુ, મુખે ભજોને માતાજી. દેવી તોરે૦

સાખી.

ભવ તરવા માટે તમો, માળા જ લોને હાથજી.
બાપુ અરજી એમ કુહે, માતુ ભજેથી સારજી. હેવી તારે૦

૧૦

(રે ના બોલો આવી વાત) એ રાગ.

રે ભકતી મુકતી આપ અરે
બળ ધારી માતુ મ્હારી, અરે ભકતીથી
ગુણ કથન મંડળી આપ જીભે જપે તુજ જાપ,
તેનાં કાપી પાપ અમાપરે. ભકતીથી.

સાખી.

કરૂણા કરો મમ માતજી, દયા કરો દાતાર;
કરજોડી પાયે નમે, દાસ સહુ આવાર.
માટે ટાળી અમારાં તાપ, દુખ કાપીને સુખ આપરે ભ૦

૧૧

(અતુલ્ય શણગાર છે વારે વા) એ રાગ.

માજીનો આધાર છે વારે વાહ.
બીરાજે છો ગોખમાં માતા મ્હારી;
શોભા હું તો શી કહું માતા મ્હારી
માજી તણી હું તો ભકતી કરૂંછું
ટાળોને પાપ અમાપથી. માતા મ્હારી.

સાખી.

માન સરોવર સોહામણું, તલાવડી છે વાય;
તેમાં જે કોઈ ન્હાયે તો, દુખ દરીદર જાય.
માજી અરજ એક મ્હારી કહુંછું,
શરણે આવ્યો બાપુદાસ હું માતા મ્હારી૦

૧૨

(કંઇને મારી કંઇને કાપી સ્વાર્થ સાધવો પહેલો) એ રાગ.

હરનીશ હોંશ મનમાં અમારા, સમરણ ભક્તિ ત્હારૂં
દરશનથી સૌ દુખ જાય વામી રાજી રહે મન મારૂં
ભજો ભાવેરે માતુ બહુચરને ભજો ભાવેરે.
દરશન કરતાં માતાજીનાં હર્ષ ઘણો મને થાયે.
સંકટ ટળીયું ભવનું મ્હારૂં માતાજીના પરતાપે
નમ્ર થઇ પ્રણમું માતુ બહુચરને નમ્ર થઇ પ્રણમું

૧૩

(અરે સતી સુંદરી પ્રીય પ્યારી) એ રાગ.

હાંરે શોભા શી કહું માતુ મ્હારી,
ઓ દીન દયાળી માતુ તું હાંરે શોભા શી
વાળી નાકે છે માને કંકણ હાથે છે માને
ઝાંઝર પાયે છે માને શેવક ગાયે છે માને
ભકતી તમારી માજી, ગાઇને થઇશે રાજી;
પ્રણામ કરૂં છું માજી, શરણે આવ્યા છે માજી,
તન મન ધન થકી ભકિત કરૂંછું તારી. શોભાશી.

૧૪

(કઠણ થયા માધવ મથુરાંમાં) એ રાગ.

જય જય બહુચર આરતી તારી, કરીયે સદા સુભકારીરે. માજી કરીયે.
સુંવાળના માજી ચોકની માંહે, બેઠાં છો મા બીરાજીરે. જય જય૦
રંગ રાગ આનંદથી કરીયે, જશ જગમાં તુજ ભારીરે જય જય૦
શેવકને મા સ્હાય કરીને, અસુર નાંખ્યા મારીરે. જય જય૦
નામ જપે ગુણ કથન મંડળી, આરતી કરે મા તારીરે જય જય૦

૧૫

(સૈયર સાંભળો શીખામણ સ્ત્રી) એ રાગ.

જુઓ ભાઇ સંખલપુરની શોભા બહુ રળીયામણીરે.
ધાઓ થાઓ વ્હેલા ગાઓ માના ગુણ.
ગાઓ ઉમંગે મળીને સૌ સાથથીરે.

સાખી.

કરજોડી માજી નમું, છો તમો તારણ હાર;
આપ ગુણ હું ગાઇને વંદુ વારંવાર.
દરસન કરવાને આવે ઘણાય, મન હરખાયરે.
ગુણ કથન મંડળી સૌ આજ ગુણતો ગાયરે.

સાખી.

માંથે મુગટ સોહામણો, કંઠે મુકતાહાર;
કાંને કુંડળ શોભતાં, આંગી શોભે અપાર.
શોભે સોનેરી સીંહાસનપર, બેઠાં માજીરે;
મારે હૈડે હરખ ન માય, જોઈ થયો રાજીરે.

સાખી.

નાઇ ધોઇ પુજા કરૂં, આવી તમારી પાસ;
હાર પહેરાવું હેતથી, દરશનની છે આશ.
માજી આનંદ ઉર ઉભરાયરે, બહુચરમા વ્હારે વ્હેલા આવજોરે

સાખી.

સમરણ કરૂં તાહારૂં; પ્રીતે કરૂં પ્રણામ;
સભાસદો ગુણ ગાઇને, લ્યો માજીનું નામ.
સેવા બજાવો માજીની એક ચીતથીરે
નેહે ગાયછે નગીનદાસ, ગાઓ ઉમંગે મળીને સૌ સાથથીરે.

૧૬

(તુજ જીવ્હા વ્હારે વ્હા) એ રાગ.

માતુ શ્રી વ્હારે વ્હા વ્હા વ્હા માતુશ્રી૦
કરૂં જવાર, કરૂં જવાર, કરૂં જવાર માતુશ્રી૦
તુંતો મનમાં ભજીલે, તારા તનમાં વીચાર. માતુશ્રી૦
ભજતાં માતુ શુંય વીચારે, ગુણુ મળે ડહાપણુને સમજે
મનુષ્ય સ્વરૂપમાં શુભ આને દેહ ધરી,
સુખ મળે દુખ ટળે તુચ્છ બોલમાં માતુશ્રી૦

૧૭

(જબકે કલંદર બન બન ફીરકે) એ રાગ.

બહુચર બાળી છો બળધારી, કષ્ટ અમારાં કાપોને.
કહીયે વિનતી શેવક સઘળા, દરશનથી દુખ ભાગોને.
માજી તમારા વીનાનો અમને કોનો છે આધાર.
માટે આપો સુખ શાંતી તમે અમને બહુચરમાત. માજી તમારા૦

૧૮

(પીતા જાણી બાળકને બીવરાવો) એ રાગ.

શેવક જાણી બાળકનાં દુખ કાપો શેવક૦
સુખ શાંતી સદા આપો. શેવક૦

સાખી.

ઘણા અસુર માયે હણ્યા, લીધા પાપીના પ્રાણ
કીર્તી તમારી છે ઘણી, ત્રણ ભુવન સુજાણ. શેવક૦

સાખી.

ભર સમુદ્ર માંહ્ય તો, બુડતાં તાર્યા ઝાજ.
એ પ્રાક્રમ મા તમ તણું, કીધું શેવકનું કાજ. શેવક૦

૧૯

(પ્રેમ વચન સરથી) એ રાગ.

માતુ ભજન રટ જીવનું આજે, તન નથી તુજ ત્હારૂં પ્યારારે.
તન નહી ત્હારૂં ધન નહી ત્હારૂં, પ્રેમ બંધાયો અતી પ્યારારે. માતુ૦
સંસાર ભવ સાગરની માંહે, પાપ નિવારણ કરવા તારારે. માતુ૦

૨૦

(આ વારે મુજ દીલમાંહ્ય રે) એ રાગ.

આ વારે મુજ દીલ માંહીરે, માતુ ભજનેરે જરી;
વાહારે વાહારે મુરખાતું તો ભુલ્યો શું ભમે, આવારે.
કુંચન કાયા કામ નહી આવે, સાચું બહુચર નામ
માયા જાળની માળમાં ભમીયો દીધું નહી કાંઇ નામ.
સાચું દીલ રાખી તમે ભજોને ફરી, આવારે.
સુંદીર શોભા શી કહું માની, શું સુંદર શણગાર.
રત્ન સીંહાસન આસન કીધું, થાશે સહુને સાહ્ય.
આશા પુરો, ચીંતા ચુરો, જોડે બાપુ હાથ. આ વારે.

૨૧

(ક્યાંથી આ સંભળાય) એ રાગ.

સમરો શ્રી બહુચર માત, જગતમાં સમરો શ્રી બહુચર માત;
ઝળહળતી છે જ્યોતજ માની, તેજ તણો નહી પાર;
અખંડ બ્રહ્માંડમાં વશી રહ્યાં છે, મોટું બહુચર નામ. જગતમાં૦
સંગ આવે છે માજી દરબારે, શેવકનો નહી પાર;
કંઈ કંઈ માણુસ મન ધારીને, માગે પદારથ ચાર. જગતમાં૦
ડંકો માનું ગગન ગાજે, નીશાન ઝળકે જરીઆન;
કરજોડીને નમે બાપુજી નારસીંહવીરની પાસ. જગતમાં૦

૨૨

(હવે બેશને બેશને અલ્યા) એ રાગ.

ઉઠય ઉઠયને ઉઠયને અલ્યા ગાને માના ગુણ,
આંહાં આપે સુખ, ટાળે દુખ અને ભાગે ભુખ;
શુંય ભુલો શુંય ભુલો માતુનુજ ધ્યાન ધરો,
મુરખા ભાઈ શું તમે મનમાં વીચાર કરો.
માજી માજી માજી કહી મુખથી તમે ભજો,
જો જો અલ્યા જો જો અલ્યા ભુલો માનું ધ્યાન;
ના ભાઇ શાને અમે ગાઈએ માનાં નામ. ઉઠય૦

૨૩

(અહા કેવી મજાની લ્હેર) એ રાગ.

હા! હા! ભજોને ભલી પેર બહુચર કરશે લીલા લ્હેર. ટેક.
બુદ્ધી મલશે, બુદ્ધી મલશે, મલશે અવીચળ ધામ;
દૂખને કાપી સુખ બહુ દેશે, વ્યાધી ન રહેશે નામ. હા! હા! ભ૦
શુરવીર થઇને સનમુખ જઇને કરો ભકતનાં કાજ;
તો સહુ રીતે સુખીયા કરશે હર્ષે ગરીબ નીવાજ. હા! હા! ભ૦
માટે મ્હારા વા'લા બંધુ શામસ્યા સમજો હાલ;
સહુ રીતે તે સુખીયા કરશે કહે છે ભોગીલાલ. હા! હા! ભ૦

૨૪

(સનનન સોહે સાવરીયાં) એ રાગ.

છનનન નાચોને છુમ છુમ છુમ.
પ્યારે પ્યારે માતાજી પે વારી વારી જાઉં. છનનન.
તાન મીલાવો તુમ મરદંગ મીલાવો;
ઝંજરી બજાવોને ઝનનન ઝન.

સાન મીલાવો, તુમ હાથોંસે તાલી;
ઘુઘરી બજાવોને ધનનન ધન. છનનન૦
સોર મીલાવો આજી મંડપ ગાજે.
તાધીં તાધીંના તનમન તોમ;
થૈયાં થૈયાં કરી થનનન નાચો;
ગુણ ગાઓને સનનન ઘુમ. છનનન૦

૨૫

(પ્રીય પતિ તમે ઝટ આવો આ સમે) એ રાગ.

શ્રી સંખલપુરી જગમાં તુ બહુચરી,
વીનંતી દાસની સુણોને દીલમાં ધરી;
બાર માસ પુનેમે આવે સંઘજ તારે પાર,
જો આપો દરશન માતા તો દુખ દરીદર જાય. શ્રી સંખલપુરી.
વીશાળ દેરા માંહે બીરાજો, ખડગ ગ્રહી કરમાંય;
બહુચર માતા મ્હેર કરો તો કાર્ય સીદ્ધ આ થાય. શ્રી સંખલપુરી.
માનસરોવર દીસે શોભતું પાસે એક તલાવ:
તેમાં જે કોઈ ન્હાયે તેનાં દુખ દરીદર જાય. શ્રી સંખલપુરી.
જગત જનેતા માતા મ્હારી શરણે આવ્યા દાસ;
કરજોડીને બાપુ આજે લાગે તુજને પાય. શ્રી સંખલપુરી.

૨૬

(સુબ રાજનગર ચલ આયે) એ રાગ.

સબ રાજનગરસે આયે માજીકો દરસન પાયે.
સબ સનખલપુર મીલ આયે દેવીકો દરસન પાયે. સબ રાજનગર.
શોભામેં કયા કહું સારી પહેરી હે દક્ષાણી સાડી. સબ રાજનગર.
શુદ અશાડ પુનમ આયે સબ સંગ મીલન ગુણ ગાયે. સબ રાજનગર.

દરશન કર મીલ નરનારી વરતે છે જય જય કારી સબ રાજનગર.
ગુણ કથન મંડળી ગાવે માજીકે મનમાં ભાવે. સબ રાજનગર.
બાપુજી અરજી કહે છે. માજીના ચરણે નમે છે. સબ રાજનગર.

૨૭

(પંડોતાઇ પળમાં ચાલી જાય છે.) એ રાગ.

પુજી લગી પુજી લગી થાય છે માજી તુજ દરશન (૨) માં ચીત ચાહ્ય છે.
સંખલપુરની શોભારે સારી, જોવાને મુજ મન લોભાયછે. માજી તુજ.
હર્ષ ઉમંગ મને વાધ્યોછે અંગમાં, જોઇ જોઇ દીલ ખુશી થાયછે. માજી.
ઉગમણો માનો ગોખ બીરાજે, સનમુખ સૂર્ય ઉદય થાય છે. માજી.
ડાબીરે બાજુ રખવાળ માનો, નારસીંહવીર સોહાય છે. માજી.
ગુણ કથન મંડળીને માતાજી, બહુચર બાળી સાણછે. માજી તુજ.

૨૮

(મંગળ કર ભવ ભય હર જય ઉમાપતી) એ રાગ.

ભજીયે તમને માતુ મ્હારી એક ચીતે ધરી.
વીનતી મ્હારી, લ્યો ઉર ધારી, કહું કરગરી. ભજીયે૦
શોભા શી કહું માતુ તણી જુઓ દ્રષ્ટી કરી.
શણુગાર સજી બેઠાં છે માજી ભકતોનાં દુખ હરી. ભજીયે૦
મીત્રો મારા અગમાં આજે હર્ષ તો થયો.
બહુચર માના ચરણમાં સહુ નમો તમો.
ચાલો પ્રીતેથી, દરશન કરવા, તમે ખુશી થઇ. ભજીયે૦
ચરણે, શરણે, સમરણે—
દુખજ હરતાં, સુખજ કરતાં, સૃષ્ટી આ રચી. ભજીયે૦

૨૯

(ભાગ્યશાળી ભુપનું) એ રાગ.

માત બહુચર થાઓ આજ સ્હાય—સ્હાય—(૩)

સંખલપુરી માતુ અમારી કષ્ટ અમારાં કાપ.
ગુણ ગાઇએ અપાર, શરણે આવ્યા આ વાર;
સ્હાય—સ્હાય—સ્હાય—સ્હાય—કરજો શેવકોની સ્હાય. માત બહુચર.

૩૦

(યોવન મદમાં લચકેલી) એ રાગ.

જોઇ આંગી છે અદભુત માત નીહાળી,
માતુ મ્હારી-ગતી ન્યારી-જાઉં વારી-છબી ત્હારી.
ગાઓ સુઘડ નામને પ્રેમ ધરીને પ્યારે.—જોઇ આંગી.
બલીહારી-માતુ ત્હારી-કેવી ન્યારી-જાઉં વારી,
ગાય પ્રેમ ધરીને દાસ સહુ આ વારે. જોઇ આંગી.

૩૧

(પુનેમ ચાંદની ખીલી પુરી) એ રાગ.

આજ રાસતો રમો રંગ વીલાસથીરે,
ગાઓ ગાઓને માતર માના ગુણ;
સરવે સંગાથે ફરીશું આપણ ફુદડીરે,
રમત ગમત કરીશું માજીના દરબાર;
ચાલો માજીના ચરણે સઉ આપણેરે.

સાખી.

નોતમ શોભા શું કહું, વશાયાં વાવની માંય;
૮૪ળ વીશે વાસો કીધો, નીરમળ દીસે કાય.
માની આંગીનો વીધ વીધ ભાતનીરે, શું શોભેછે ચુંદડી અપાર.
સરવે સંગાથે ફરીશું આપણ ફુદડીરે. ૧

સાખી.

કંચન વાય શોભે ઘણી, જળ છે અપરંપાર;
પગથીયાં પથરે જડ્યાં, થંભ દીસે બહુ સાર.

આરસ પારસ જડીત્ર પરથાર છેરે, તેતો શોભે છે અતીશે અપાર;
સરવે સંગાથે ફરીશું આપણુ કુદડીરે ૨

સાખી.

માંખણ પરવતથી આવીયાં, વાવ પધાર્યા આપ;
પાંડવ પુષ્પ વધાવીયાં, ગુણુ ગાયે સૌ આપ.
માને સમરેથી પ્રાશ્ચીત દુર થાયછેરે, તેથી ગાઓ મુખે માતરમાના ગુણ;
સરવે સંગાથે ફરીશું આપણુ કુદડીરે. ૩

સાખી.

આદીત વારે આવતાં. દરસન નરને નાર;
મુખથી માતર માયને, વરતે જય જયકાર.
પાસે રાયભાન દેરી શોભતીરે, ગુણુ ગાયે છે બાપાલાલ;
સરવે સંગાથે ફરીશું આપણુ કુદડીરે. ૪

૩૨

(સ્મરણુ કરી શ્રી જગદાધાર) એ રાગ.

જય જય બાળી બહુચર માત, નમન કરે સૌ સુર નર નાર;
અમને મૈયા ત્હારી આશ, રમીયે તારી આગળ રાસ.
માજી બહુચર છો બળધાર, ભજતાં કાપો પાપ અમાપ;
ધીધીકીટ-ધીધીકીટ તનનનતોમ-થીગડના થીગડના થનનન થોમ.
આવી માતારે દરબાર, હેત ધરી ગુણુ ગાઇયે અપાર;
જપતા સઘળા ત્હારૂં નામ, માજી અમારાં સંકટ કાપ.
જય જયકાર કરી ઉચ્ચાર, રાસ રમ્યા જન રસીક અપાર.

(અંક ૨ જો.)

૩૩

(નથી આનંદ નથી કાંઇ સુખ) એ રાગ.

ધીરજ ધારી, ધીરજ ધારી, અરે શાંન્તી આપશે માડી;
ભરૂંસો ભગવતી ભારી, રહું માતુ-રહું માતુ. ધીરજ.
આશા મુજ પુર્ણ તો થાશે, એથી દુખ દારીદર જાશે;
એથી સુખ સર્વને થાશે, રહું માતુ-રહું માતુ ધીરજ.

૩૪

(કહેજે તારા રાજાજીને થાય તે કરે) એ રાગ.

કહેજે તારા મુખે માતુ દુખ તો હરે,
દુખતો ટળે પાપ સૌ હરે. કહેજે તારા મુખે.
સર્વે નામ માતુ મુખ ગાજે, માત માત શેવક મુખ છાજે;
મુર્ખ થઈ માતુ શું વીસારે, અરેગા-ગુણુવા-માતાના. કહેજે.
માત મુખ મુજ નથી જરા વીસરતું,
માતુ નહી ભજે મુખે અલ્યા એનો કુત્તેહાલ-અરેગા-ગુણુવા-માતાના.

૩૫

(મારા પોપટ પંખી) એ રાગ.

જીવ માતુ વીજય ગુણુ બોલને.—જીવ.
ગુણુ ગાઇને હું હરખાયો, તુજ ભક્તીમાં હું લોભાયો;
ભક્ત તણુ મન ખોલને.—જીવ માતુ.
પરમ કૃપાળુ છે માત દયાળુ, પ્રાર્થના કરતાં માતુ મયાળુ;
જયો જયો સૌ બોલને.—જીવ માતુ.

૩૬

(ડરમાં તુ દીલ સાથ) એ રાગ.

ગાઓને સૌ બાળ, સભાજન ગાએને સૌ બાળ;
બહુચરમા કરશે સ્હાય. સભાજન.
છોજી દયાળુ, માતુ કૃપાળુ;
મુખે ભજો તમે માતુરે માતુ.
શાન્તી આપનાર છે કીરપાળુ, દુખ ટાળણુ એ છે અમારૂં;
ગુણુ ગાઉ હુંતો બહુચરમાનું.
(કેમ મારા પ્યારા મીત્ર, તમે તો ભક્તીમાં કાંઈ પણુ ધ્યાન રાખતા નથી.)
(વાહ મારા સાચા સ્નેહી–હું તમારી સાથે ભક્તી કરીશ. એ મને સાચી શાંન્તી આપનાર છે)
તેથી તમે ચાલો સરવે સાથ. સભાજન.
કેમ રશીલા, થાઓછો ઘેલા,
થાઓ ધાઓ તમે સૌથી પહેલા;
ગાઓ ગાઓ માના ગુણુ ઘેલા,
અક્ષત પૃષ્પ સૌ હાથમાં લેવા, પુજા કરી સુખ શાંન્તી લેવા.
(વાહ ભાઇ આ જગતમાં બહુચર માનો આધાર છે.)
(વાહ ભાઈ એની કીર્તીને નીતી તો અપારજ ચાલે છે.)
તેથી તમે જોડી બંન્ને હાથ. સભાજન.

૩૭

(ચીત ચોરી ઓ ચાલી) એ રાગ.

મનમાંહી મેં ધારી ધારી છે,
સોલંકીનું કષ્ટ નીવારણુ, જીવ જંતુના જીવ ઉગારણુ.
અધર્મ ઉધારણુ, નર્ક નીવારણુ,

મદગજ મારણુ, મંગળ કારણુ.
નગીન નાતમ સૌને તારણુ,
સોમ નીહાળી સુખનું કારણુ.
અહુચર મૈ મન માંહી,

૩૮

(ઝટ ઝટ ઝુકો કેશરીઆં) એ રાગ.

આજે હેતે ચાલો સંખલપુર ગાવા.
છે માત, છે માતાજીનું મોટું ધામરે આજે હેતે૦
ચાલો ચાલો પ્રીતથી ગુણુ ગાવા,
માતુ ભક્તીથી સુખી થાવા, છે માત, છે માતાજીનું૦
ચાલોને મીત્રો મારા આજે આનંદથી (૨)
ગુણુ ગાવા માતાજીને ધામ, આજ (૨)
નગીન નેહે ગુણુ ગાવાને, બાપુ કરે પ્રણુામ. આજે હેતે૦

૩૯

(જાઓજી જાઓજી રાજાજી થઈ) એ રાગ.

ગાઓજી ગાઓજી માતાના ગુણુ તમે,
ભુલો ભુલો છો શાને રસીક તમે;
અરે ઓ માતુના ગાઓને ગુણુ તમે,
શરમાઓ શાને રસીલા અધીક તમે;
આશું ભુલો છો વીચારો જરા, અરે માત (૫) ગાઓજી૦
મરઘે આસન કીધું છે માતાજી તમે,
શોભા શી કહું આ મુખે માતુ અમે;
દાસ સહુ રાખોને શરણુ તમે,
ગુણુ ગાઇયે મંડળી સહુ અમે;
ભક્તી કરોને માતુની જરા, અરે માત (૫) ગાઓજી૦

૪૦

(જરસાવીત્રી વ્રત આજ) એ રાગ.

ચાલો ચાલો ચતુર સૈ સાથ, મા ગુણ ગાવાને;
લેઇ અક્ષત કુમ કુમ હાથ પુજા કરવાને,
આવ્યા સૈ સંખલપુર, ગાઓ સંગેરે.
કરો માતનું પુજન આજ સરવે સંગેરે.
ગુણ ગાઓને રૂડા માતનારે તમો,
આરતી કરોને સૈ સાથરે. આશા પુરેજ માતુ તમ તણીરે લોલ.
શક્તી ભક્તી કરોને ભાવથી તમો.
તેથી તમારૂં રૂડું થાયરે. આશા પુરેજ માતુ તમ તણીરે લોલ.
મનના મનોરથ પુરે તમારા.
બહુચર બાળા છે જીરે ન્યારાં;
હાથે લ્યો સૈ માળારે, ગુણ ગાઓને પ્યારા,
દાસ બાપુજી અરજી કહે છે, માજીના ચરણમાં એજ નમે છે.
ગુણ કથન મંડળી આજેરે ગુણ ગાઓને પ્યારા. ચાલો ચાલો.

૪૧

(ના કલપાવો સતાવો) એ રાગ.

અમે આવ્યા શરણે આજે (૨) માતાજી સાચા થઇને તારજો અમનેરે.
માતાજી, માતાજી, માતાજી, માતાજી, જાપ જપીનેરે
ગુણ ગાઇયે, ગુણ ગાઇયે, ગુણ ગાઇએ હેતે પ્રીતેરે. અમો આવ્યા શરણે.

૪૨

(સુણ સી જીત ભારથની ભુપ) એ રાગ.

છોજી જગતમાં બધે વીખ્યાત, સંખલપુર સાચી માતુરે.
માટે ગાઓ ગાઓ માના ગુણ આજ. સંખલપુર.
તમો ગાઓને સુધડ નર નાર. સંખલપુર.

તેથી પાપ દુખ સૌ દુર થાય. સંખલપુર.
કરૂં વીનંતી કરગરી આજ. સંખલપુર.
કર જોડી લાગુ તમને હું પાય. સંખલપુર.
તમો સાહ્ય કરો મમાય. સંખલપુર.
ગુણ ગાય શેવક સૌ આજ. સંખલપુર.
તમને તારે બુડતાં ભવ પાર. સંખલપુર.
માજી મ્હેર કરે આવાર. સંખલપુર.

૪૩

ઊપરનો રાગ.

છોજી બળધારી તુજ નામ, સંકટ મારાં દુર કરોરે.
મધ્ય સમુદરે તાર્યા ઝાજ. સંકટ મારાં૦
લીધા પાપી તણા પગમા પ્રાણ. સંકટ મારાં૦
કીધી સોલંકીને માજી તમે રહાય. સંકટ મારાં૦
એવાં ભકતોનાં ભાગ્યાં દુખ. સંકટ મારાં૦
માજી આપો શેવકને સુખ. સંકટ મારાં૦
ગુણ કથન મંડળી આવી આજ. સંકટ મારાં૦
સૌ દાસ નમે માજી પાય. સંકટ મારાં૦

૪૪

(ધીરજ ધરરે મત ડરતું) એ રાગ.

તુ ભજરે મતડરતું જીવ કછુ દીલમેં
સબ આયે ભકત તમારા, દુર કરદે પાપ અમારા.
રહાય કરરે મત ડરતું.

સાખી.

છોડ દો સંસારકા, ધરમાતુકા ધ્યાન;
પાઊં પલકમેં જાઈંગે, મત કરના અભીમાન.
રહાય કર રે મત ડરતું.

સાખી.

ચાલો સૌ આપણે, સખલપુરની માંય;
સંગીત કરોછો સૌ તમે, રહો સદા સુખ માંય.
સ્નાન કર રે મન ડર તુ.

૪૫

(રામ ચરનકો રટન હમારે) એ રાગ.

માતુ ચરનકો રટન હમારે, ઔર કછુ નાહી દીલમેં ધારે;
માયાને મગતા જુઠી જગતકી, સચ્ચા નામ માતુમુખજ ધારે.
મેરા મેરા કુચ નહી તેરા, છોડ ચલે જાઓ જમકે દવારે;
અપને આતમસે ભજો મન ગ્યાની, માતુ માતુ મુખસેહી ઉચારે.

૪૬

(શીવાજી શુરવીર પ્યારા મારા) એ રાગ.

સરવે મીત્રો હળી મળી આજે ચાલો માજી પાસ,
માજી પદ પુજન કરવા, સૌ હર્શીને અપાર;
ગુણ કથન મંડળી નમે મા તુજને વારંવાર,
જાણી દાસ, રાખો પાસ, માજી દીલમાં દયા લાવીને—
પુરો મારી આશા. સરવે૦

૪૭

(થયા છોરે પતી તેજ પ્યારી) એ રાગ.

દીસો છોરે માજી આજે ગોખ ઉરધરી તન મન નમું પાયે,
તન મન નમું પાયે, દયાળુ તન મન નમું પાયે. દીસો૦
સંખલપુરમાં માતુ બીરાજો માતુ છો સાક્ષાત;
માજી મારાં, ઉરધાર્યાં, દીસો સારાં, અતી પ્યારા;
માજી આતન મનથી ભજીયે તમને થઈ સદારાજી. દીસો૦
માજી કૃપાયે આજે ગાઈશું ઉલટ ધરી મનમાંય,

તુ છે શક્તી, કરૂં ભક્તી, ટાળો દુખથી કરે મુક્તી;
પ્રેમ ઉત્તમથી હળી મળી ગાઈયે રાખો સૌની લાજ. દીસો૦
શક્તી ભક્તી કરીયે નીશદીન થાશે નીરમળ કાય,
બાપુ આજે, ગુણુ ગાજે, સાહ્ય થાશે, માતુ ગાજે;
હવે હાજરછું તન મન ભક્તીમાં, માતુ મ્હારે કાજે દીસો૦

૪૮

(બહુચરાજી શું શું કરીયે) એ રાગ.

બહુચરમા પાયે લાગુ. (૨)
અકળ કળા માતુ છે ત્હારી, સાહ્ય કરીને માઝી અમારી.
ભૂક્તી ત્હારી દીલમાં ધારી, ભક્તી, મુક્તી, દાસને. બહુચરમા.
સકળ જગતમાં કીરતી ત્હારી, જશ જગમાં તુજ ગવાય ભારી
તારા બાળા, માતાજી. બહુચરમા૦

૪૯

(ખસો ખસો કુંવરજી) એ રાગ.

કરજોડીને હેતે માજી નમીયે તુજનેરે.
હેતથી ઉતારો પાર માજી અમનેરે કરજોડીને૦
આ ભવમાં આશરો ત્હારો, બાંહ્ય ગ્રહીને પાર ઉતારો.
માજી હેતે ગુણુ ગાય તારા પ્રીતેરે. કરજોડીને૦
કુમતી કાપો, સુમતી આપો આવ્યા શરણે તમારીરે;
કરઅરીને કહીયે તમને ઉતારો ભવપાર;
માજી કહીયે તમનેરે, માજી કહીયે તમનેરે,
નમું નમું હું માજી તમને હેતે પ્રીતેરે માજી હેતે પ્રીતેરે.
ગુણુ કથન મંડળી ગાયે, માતાજી થાજો સ્હાયે.
ધીર ધરીને માજી વીનતી કરીયે તમનેરે. કરજોડીને૦

૫૦

(હાંરે કીને દેખા હુમારા સ્વામી) એ રાગ.

હાંરે બેઠાં મરઘે વાહનપર માજી.
ઓ માજી, માતાજી, બહુચરાજી. હાંરે બેઠાં૦
હાથે કંકણુ નાકે વાળી, ત્રીશુળ કરમાં ધારીજીરે બેઠાં૦
અદ્દભુત આંગી ત્હારી માતાજી, જોઈ થયા અમે રાજીરે. બેઠાં૦
સભા મંડળી નમે છે પાયે, શેવકને સ્હાય થાજીરે. બેઠાં૦

૫૧

(નમું પદ ગીરજાપતીને) એ રાગ.

નમું શ્રી બહુચર માતુ તને
સોલંકીનું સંકટ વારણુ માગું શર્ણું તમારે
તન ધારી તમે તારો આજે માતુ મને નમું શ્રી૦
પરદુખના ભંજન, કરો સુખનું અંજન
માતા આપો તનધન, હોજી જગત નીરંજન, અમે કરીયે વંદન
રૂમક ઝુનક છુમ ઝાંઝર વાગે, તાલ સંગ આનંદે
તન ધાર નમે તારો આજે માતુ મને. નમું શ્રી૦

૫૨

(શું દઈશ તુને જાવા) એ રાગ.

સુખમય શ્રી બહુચર મા, સ્હાય તું થા;
નહો વાર કરોજી આપ, ટાળી દુખદા,
નીત નગીન નીર્મળ ચીત, રાખશે સોમા સંગ ખચીત;
ધારશે પુરણુ માજી પ્રીત; ઠારશે હ્રદય ગાઈ ગીત;
ઓ જય જય બહુચર મા, સ્હાય તું થા સુખમય૦
મા હીરા જડીત હાર, મુગટ શોભે છે અપાર;
રંગીલા ઝાંઝરનો ઝમકાર, સુણી સૌ રીઝે નરને નાર;
સુખથી બોલે છે વાહ વાહ, સ્હાય તું થા; સુખમય૦

૫૩

(ડરમાં તું દીલ સાધ) એ રાગ.)

કર અમ સફળ અવતાર, દયાળુ માતુ કર અમ સફળ અવતાર.
આજે થાતું શીરોમણી સાર, દયાળુ માતુ૦
જોને રશીલી, છેલ છબીલી,
બાઇ તું જો પેલી વૃક્ષની વેલી;
ગુલાબ પાસે જુઈ ઝુકેલી;
તોડી લાવું હું સહુથી પ્હેલી,
ચડાવું માને સહુથી વ્હેલી;
(ના ભાઈ હું તોડીને લાવું છું, તમે ચઢાવીને આરતી કરો)
ગુણ કથન મંડળી સાર. દયાળુ માતુ૦
કેમ રસીલા, થાઓ હઠીલા;
બાઇ તું લાવ પેલા મીઠા રે મેવા,
રૂપા કેરા થાળ હાથમાં લેવા;
શેવા કરીને પ્રસાદી લેવા,
(માતુ મારા મુરબ્બી બાપુને સદા સુખ શાન્તીમા રાખજે)
આત્મ આજે હર્ષ ઉમંગ અપાર. દયાળુ માતુ૦

૫૪

(રહી વશી હૃદયમણી) એ રાગ.

શી સરસ બની આ મુરતી,
શોભા ઘણી, માતુ તણી, ચીત ઠારે—
નેને—કેને—મુખે માત ભજી તું, શી સરસ૦
રાત દીન નીત રટું, માજીનું ભજન કરૂં.
સમરૂં, સમરૂં, મુખે હું. શી સરસ૦
કર જોડી કહું માજી, શરણે આવ્યો છું ત્હારે,
જપતો, જપતો, મુખે માત હું. શી સરસ૦

૫૫

(મારા હૈયા કેરા હાર) એ રાગ.

માતુ બળધારી તુજ નામ જપું મુજ મનમાંરે,
તન મનથી કરૂં ભકતી ત્હારી, નીજ બાળકને લેજો ઉગારી.
ગુણ કથન મંડળી ગાયે, માતુ તનમાંરે   માતુ બળધારી૦

૫૬

(તાતનો ભરૂસો નથીરે) એ રાગ.

મુખે ભજીલ્યો રે, બળધારી માતુ મુખે ભજીલ્યો રે.
માજી તારાં દરસન પામી આનંદ મુજને વાધ્યોરે.   બળધારી

સાખી.

મનડા મુરખ શું કહું તુજને વારંવાર,
ચાલ ચાલ તું ચેતીજા, માતુ ભજે સાર.   બળધારી૦

સાખી.

ચાલો આપણ ત્યાં જઇયે, સરવે મલીને સાથ:
માતુ ચરણમાં આપણે, જોડી બન્ને હાથ.   બળધારી૦

સાખી.

ચુંડ મુંડને મારીયો, કીધાં રૂડાં કામ;
શેવક જનની ભકતીથી, દુખ હર્યા તમામ.   બળધારી૦

૫૭

(અતુલ્ય શણગાર છો) એ રાગ.

અનોપમ આપ છો માતા મ્હારી:
સદા સુખ થાપજો માતા મ્હારી,
સંસાર સાગર માંહી ભમુંછું;
આપજ મમ મા બાપ છો માતા મ્હારી.

સાખી.

આપ કૃપા છે મન હરી, આનંદ પામું રોજ;
દયા કરો મમ માતજી, નીત્ય ઉડાવું મોજ.
લાગ્યો સંસારનો નીત્ય લઉં હું;
પાપ અમારાં કાપજો માતા મ્હારી. અનોપમ૦

૫૮

(રાધા મ્હારી રાંકડી) એ રાગ.

માતુ મ્હારી થાઓ શૈવકોને સહાય,
સરવે મળીને ગાય, હર્ષ અતી દીલમાંય;
થાય અપાર, ગુણ ગાય, માતુ મ્હારી૦
ગુણ કથન મંડળી સાર, હર્ષ લાવીને અપાર.
માતાજીના ગુણ ગાય, મનમાંય, ખુશી થાય. માતુ મ્હારી.

૫૯

(હે દાતા તું સુખ) એ રાગ.

હે માતા તું સુખ કર,
છે તુજ તણી ગતી અપાર, નવ શૈવક પામે પાર. હે માતા૦
*સકળ વિશ્વ ભુમાપર માજી, આપ તણી રહી કીર્તિ ગાજી;
માજી તણું મુખ નીરખી, થનગન, થનગન, કરતા જય જયકાર. હે૦

૬૦

(ભલેરા ભુંગળો બજી દીધું) એ રાગ.

ભેગા થઇ શાણાઓ તમે મુખે ગાઓને માત,
સંખલપુરમાં માતુ બીરાજે, દેવી છે સાક્ષાત. ભેગા૦
નારીનો તો નરજ કીધો, રાખી સોલંકી લાજ;
વડો અસુર અહંકારી માર્યો, લીધા પાપીના પ્રાણ.
દાસ બાપુજી ગુણ જ ગાતાં, માતુ થશે તુજ સાર. ભેગા૦

૬૧

(અબ મોરા છોડ દે કલાઈ કોન ચાંય) એ રાગ.

અબ મોરી માત દે દરસ આજ જેસો જાય દીન મેરો,
એસો જીવ તલસવા. અબ મોરી
દર સહુ હોયેથી મોરો જીવતો હસતવા
દીનો દીન નમુ તુજ ચરણ્ય. અબ મોરી

૬૨

(પાચ્યો પાચ્યો પદ્મણી આવીછે) એ રાગ.

નમો નમો (૨) બહુચર શીશ નામી હો
જાણો તેની સફર જીંદગાની
નેહ નજરથી રાખો મુજને બાંહ ઝાલીને તારો મુજને
ભાગ્ય ઉદય થયા આજ હો જાણો
આ અવસર જીસે માને ભકતી તણા ફળ મળશે તને
ભુલ્યા ભમો છો સાને હો જાણો

૬૩

(આજે તો અમૃત વૃષ્ટી) એ રાગ.

શોભા સનખલપુર માંહે, કેવી તો થઇ રહી;
દર્શન દેવીનાં કરે તેના, પુન્યનો કંઇ પાર નહી શોભા૦ ૧
માનસરોવર માજી તણું, ન્હાવાને સહુ જાય તહીં;
શીવક સમરણ કરે આવી, સુખીયા તે થાય સહી. શોભા૦ ૨
દાસ તારા આવી આજે, અરજ કરે છે અહીં;
ચુંવાલમાં બીરાજે માતુ, સહુ ઠામે વશી રહી. શોભા૦ ૩
ગુણ કથન મંડળી ગુણ ગાય, માજીને પારે જઇ;
બહુચર બાળી બહુ દયાળી, સમરો ને તમે ભઈ. શોભા૦ ૪

૬૪

(જાંધ કિલ્લો બાપુ છે શુ કામ) એ રાગ.

આવી સમરો સહુ માને તમામ,
ભજો ભાવ ધરીનેરે આવી સમરો સહુમાને તમામ.
દુખ એ દેવી દુર કરીને (૨) સુખ આપે આ ઠામ, આવી૦
બાયે માદાને મરદ બનાવી (૨ આપ્યો છે હરખે આરામ, આવી.
મુગલ કેરૂં માન ઉતારી (૨) સોલંકીનું રાખ્યું નામ. આવી.
ભાવેથી ભજશે માજીને જે કોઈ (૨) રાખી હૈયામાં હામ. આવી.
ગુણ ગાય ગુણકથન મંડળી (૨) જઇને માજી કેરા ધામ. આવી
બહુચર બાળીને પારે જઇને (૨) કરજોડી કહીયે આમ. આવી

૬૫

(શાંભળુ શા બોલો તમારા રાણી) એ રાગ.

બહુચર બાળી છે ઘણી દયાળી માડી,
આજે આવીને અમે અરજ કરીએ.
ચુંવાલમાં આવી આનંદે ફરીએ,
ફરીએ ફરીએ નામધરીએ તમારૂં માડી. બહુ૦
હરખ ધરીને માને દરશને જઇએ,
તુજ પ્રતાપે સહુ સુખીયા થઇએ.
જઇએ થઇએને નામ લઇએ તમારૂં માડી બહુ૦

૬૬

(સખીઓ નીજનીતી ધર્મ સદા સંભાળીએરે) એ રાગ.

બહુચર બાળી આગળ આવી પાયે લાગીએ રે,
પરમ પ્રયત્ને પ્રીતીથી પુજીએ બહુચર બાળ.
દયા દીલમાં આણી કોઇને દગો નવ દીજીએ રે,

સહુ સ્નેહે સમરો ભાત્ર થયે તતકાળ.
મેહેર કરી મંમાએ આપણે શુભ અવતારમાંરે.

સાખી.

સરવે સજ્જન અહીં આવીયા, દરશન કરવા કાજ;
શરણે શીશ નમાવીયાં, રાખો ગરીબ નીવાજ.
નમવું, જમવું. રમવું, ભમવું નહીં એકાંતમાં રે.
ધર્મ ધારી ન ધાવો કોઇ અધર્મીને દ્વાર. મેહેર.

સાખી.

શુખ દુઃખ મનમાં ન આણીયે, શાંતીથી સુખ થાય:
રાખો દયા દાનને દીનતા, જેથી રીઝે જગ માય.
ચાડી ચુગલી કોઇની આગળ નવ સંભાળીએ રે,
સોબત કરો સંભાળી આવાર, અરે નરનાર. મેહેર

સાખી

ઊંચની જોડે ઊંચ મલો, મલે નીચાને નીચ;
સોબત જેવી રાખશો, તેવા થશો ખચીત.
ચતુર ચપળ થઈ આપણે ચીતમાં ચેતી ચાલીયે રે:
કહે રણછોડ સુત સહુને તે ભોગીલાલ. મેહેર.

૬૭

(દેખી તોરી વફાદારી) એરાગ

શોભા સનખલપુર સારી, માનો વાત ખરી મારી;
અરે હાં, રે હાં, રે હાં. શોભા૦
મન ધરી મંદીરમાં જાય, પડે ત્યાં પાય;
સંકટ સહુ જાય, સુણો નરના.........રી. શોભા૦
સહુ દરશન કરવા જાય, હરખ નવ માય;
ખુશી ખુબ થાય, જાઉં બલીહા.........રી. શોભા૦

રમે સરવે મલીને બાળ, અરે આ ઠાર;
પામુ નહી પાર. અરે આવા.........રી. શોભા૦
તમે પાયે પડો, ફરી વ્હાલ, કરે મા ન્યાલ;
કહે ભોગીલાલ, બઈસો મા.........રી. શોભા૦

૬૮

(રમો રાસ મલી સહુ સંગ) એ રાગ.

સમરો શેવક મલીને તમામ (૨) જુઓ આમ, કેવું ધામ,
કરે કામ, રાખો નામ, સમરો૦ ૧
એવી દેવી એ બહુચર બાળી, કરશે કામને ફરશે ન્યારી,
એવો છે સહુ ભક્તોને પ્યારી, આવી દામ, ધ ા લામ સમરો. ૨
માજી મહેર તું હમને કરની, આપો સુદ્ધી કુબુદ્ધી હરની.
ભોગીલાલ કહે શીરકર ધરની, કામ ધામ, કામ ઠામ,
સઘળા સમરે તારૂં નામ. સમરો૦ ૩

૬૯

(માર માર તરવાર ઉભો જુએ છે શું) એ રાગ.

તાર તારને આવાર માજી પ્રેમથી તું (૨)
પ્રેમથી પ્રેમથી પ્રેમથી તું તાર.
શરણે રહેવા આવ્યા અત્યારે, દયા કરીને મા રાખે તો તું તાર.
ભક્ત જનોનાં કષ્ટ નિવારી, સુખ આપે હવે માજી તો તું તાર.
દક્ષણ વારી દીન દયાળી, દાસોને શરણે રાખે તો તું તાર.
ચુવાલમાં છો બહુચર બાળી, અંબાજી આશરા મારે તો તું તાર.
ભવાની કાળીને માતર માડી, ચામુંડા ઉરમાં ધારે તો તું તાર.
આશાપુરીને અરજ કરે છે, ભોગીલાલ સ્વીકારે તો તું તાર.
ગુણ કથન મંડળીને સુખ મા આપી, રણછોડ સુત કહે તારે તો તું તાર.

૭૦

(ચમકતા ઠમકતી પદ્મણી રે) એ રાગ.

બહુચરી, કૃપાકરી, મા દુઃખ હરી રે
આવી મંડળી અહીં મનમાં ધરીરે. ટેક.
દૈવ દુખ કાપી માડી આવીયાં આંહી;
ગોખમાં બીરાજીયાં ખડગ ધરીરે. આવી.
ભકતી કરે તેને સુખ બહુ આપે,
બહુચરા એવી તો દયામણી રે. આવી.
એક ચીતેથી ધ્યાન ધરે તેને,
સુખ કરે બહુચર સહુ દુખ હરી રે. આવી.
ગુણ કથન મંડળી પાસે આવીને
ભજે છે માજી સહુ તુને એક ચીત કરીરે. આવી.

૭૧

(લાજ લીધી જરૂર લાજ લીધી.) એ રાહ

ટેક રાખી જરૂર ટેક રાખી,
સરવે દેવોની ટેક મા રાખી. ટેક રાખી.
અસુર ગયો મંડપ માંહી ફરવા,
પછી કુકડા લીધા શું કરવા.
તેણે માંડયો આહાર ત્યાં કરવા,
મા જુલમ આ બહુ થાય ના સહેવાય. ટેક.
માયે ક્રોધાતુર થઈ કીધું કામ.
અસુર પેટ ચીર્યા તે ઠામ,
જુવા કુકડા બોલ્યા તે ઠામ.
અસુર કરજોડી કરે પ્રણામ. ના સહેવાય.

અસુર નમ્યો માજીને પાય,
તુતો સાચી દેવીરે કહેવાય.
દૈવ દેખ્યો નહી જગમાંય,
અસુર કહે કરો મા સાય. ના સહેવાય.

૭૨

Oh! my mother Bahoochari.
I pray you, scatter my enemy;
Give me good speech my mother,
So I pray day and night together.

ઓહ! માય મધર બહુચરી,
આઈ પ્રે યુ, સ્કેટર માય એનીમી;
ગીવ મી ગુડ સ્પીચ માય મધર,
સો આઈ પ્રે ડે એન્ડ નાઈટ ટુગેધર.

૭૩

થાળ.

મારી માત તમે જમવાને આવો,
તમે જમો મારી માત વડી કીધી ભાત સાત.
પુરી દુધપાક ભાત સુતરફેણી ઘેબરને માવો. ટેક.
છેજી મોહનપાક વળી મેસુરપાક ઉપર ચારોળી શાક.
બીડા મેવા ધર્યા છે માતુ આવો મારી માત તમે.

૭૪

થાર,

માજી ભક્ત નમે સહુ પાય કે જમવા આવજો રે,
થાર ધર્યો અલબેલી મૈયા જમવા પધારો આપ;
નીર ભરી આ ઝાળીયારે કંઇ લાડુ શેવ કંસાર

માતાજી જમવાને આજે બરફી જલેબી સુતરફેણી;
મેસુર અમૃત પાક ભાત કમોદનો રાંધીયોરે,
કેવી કીધી છે મોગર દાળ માતાજી૦
બારીયું તુરીયું વાડ કાલેરૂં શાક છે સરવે રસાળ,
પાન સોપારી એલચી રે કાંઈ મુખવાસ ધરીયા અપાર માતા૦
સંવત ૧૯૫૩ સાલે માગશર માસ રસાળ,
શુદ ૨ ને મંગળ વાર ગ્રંથ રચ્યો છે વિશાળ માતા૦

૭૫

(અપછરા કરતી આરતી) એ રાગ.

સભા જન કરતા આરતી. માજી આગે;
હાંરે એનો અવીચળ સુખડાં માગે,
હાંરે માજી બહુચર પાસ. સભાજન૦
વિધ વિધ રંગે પુજતાં માજી ચરણે,
હાંરે સૌ શેવક આવે શરણે;
હાંરે એ તો પુરે છે આશ. સભાજન૦
જાઈ જુઇને કેતકી ફુલ લાવ્યા,
હાંરે મન ભાવથી પુજવા અમે આવ્યાં;
હાંરે સૌ ગાયે છે દાસ, સભાજન૦
ગાય શીખેને સાંભળે નરનાર,
હાંરે એને ભવ જળ બુડતાં તારે;
હાંરે તેનો વૈકુંઠ વાસ. સભાજન૦
ગુણ કથન મંડળી સહુ આવ્યા;
હાંરે ગુણ માજી તમારા ગાયા,
હાંરે માજી તમારી આશ. સભાજન૦

અગાઉથી ગ્રાહકો થયેલા તેઓના નામ.

લુણસાવાડો દરીઆપર વોડ.

બાપાલાલ લખમીચંદ.	૨૫	નગીનદાસ પાનાચંદ.	૨૫
સોમનાથ ધનસા.	૧૦	કેસવલાલ ધનસા.	૨૫
લલુભાઇ લાલદાસ.	૧૦	ગંગારામ રાયચંદ.	૫
મુલજી ધનસા.	૧૦	પાનાચંદ નાનસા.	૫
દલસુખ લલુભાઇ.	૧૭	સોની. મોહનલાલ ત્રીકમલાલ	૧૦
ભોગીલાલ નથુભાઈ. કણબી	૨૫	જીવરામ મનસુખરામ.	૫
સોમનાથ જીવરામ	૫	ભુદરદાસ કલ્યાણદાસ.	૫
વસ્તી ગલાબચંદ. ઘાંચી	૨	ગોરધન હરજી.	૨
જેઠાલાલ પાનાચંદ.	૧	ભાવસાર ચુનીલાલ.	૧
મણીલાલ નથુભાઇ.	૫	નથુભાઈ લાલદાસ.	૫
પરસોતમ નથુભાઈ.	૧	છગનલાલ ગીરધર.	૫
ચુનીલાલ છોટાલાલ.	૩	આતમારામ છોટાલાલ.	૨૫
મોતીલાલ નાનસા	૧	મુલજી છોટાલાલ.	૫
કડીયા રણછોડ ભાયચંદ	૧	કડીયા નથુ દલસુખ.	૫
ભોગીલાલ લલુભાઇ જાની.	૧	સોની. નાથાલાલ પીતાંબર	૧
કાનલાલ મગનલાલ	૧૦	શીવશંકર દેવશંકર	૧૦
ભીખાભાઇ મોહન	૧૦૦	સાંકરચંદ ભગવાન	૫૦
સાંકરચંદ છોટાલાલ.	૧૫	ભોગીલાલ સાંકરચંદ.	૧૦
રવીચંદ ઘેલાભાઈ.	૫	મહાસુખ ભાવસાર.	૧
ચુનીલાલ કસનદાસ.	૨	ગીરધરલાલ કાઉસા.	૫
નથુભાઈ છોટાલાલ.	૧	કસનદાસ લલુભાઈ.	૫
ચકાલાલ લલુભાઈ.	૧	સાંકરચંદ વનમાળીદાસ.	૨
નથુભાઈ હરગોવન.	૧	સાંકરચંદ રવીચંદ.	૨૫
નથુરદાસ હરગોવન	૧	ભોળાનાથ હીરાચંદ.	૧૦
[illegible]	૧૦	સલાટ [illegible].	૧
નારાણસીંગ ઉમેદસીંગ	૫	મુલજી કચરાભાઇ.	૧૦

જાહેર ખબર.

સર્વે સદ્ગૃહસ્થોને વિનંતી કરવામાં આવે છે કે આ ચોપડી જે ગ્રહસ્થોને મંગાવવાની મરજી હોય તેઓએ નીચેના ઠેકાણેથી રોકડી કીમતે મગાવી લેવા તસ્દી લેવી. એજ વિનંતી. બહારગામ વાળા ગ્રહસ્થોને ટપાલ ખરચ જુદું પડશે. કી. ૦—૨—૦ નોટપેડ કાગળ લેવામાં આવશે નહિ.

મળવાનું ઠેકાણું નીચે મુજબ,

ઘુમુશાવાડે ગુણકથન મંડળીના મુકામે.

અમારી તરફથી "નીતિ સુબોધ" નામની ગરબાવળી છપાય છે.

કીમત ૦—૨—૦

શ્રી રણછોડજી નીતિ સુબોધ ગાયન સંગ્રહ છપાય છે.

કીમત રૂ. ૦—૧—૦

તૈયાર છે! તૈયાર છે!! તૈયાર છે!!!

શ્રી આશાપુરી માતાનાં ગાયનો.

કીમત રૂ. ૦—૧—૦ સામટી લેય સસ્તી.

જે ભાઈઓને જોઈએ તેમણે નીચેને શીરનામે લખી જણાવવા તસ્દી લેવી. નોટપેડ કાગળ લેવામાં આવશે નહિ.

ભોગીલાલ રણછોડદાસ પટેલ.

હરીપુર આંબલી શેરી.

અમદાવાદ.